| | | | |
|---|---|---|---|
| રજુ કર્યાતારીખ : | ૧૭/૧૦/૨૦૨૨ | | |
| દાખલ તારીખ : | ૧૭/૧૦/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ : | ૩૦/૦૩/૨૦૨૪ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૫ | ૧૪ |

**મોડાસાના મે. બીજા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.મોડાસા.**

**ફોજદારી કેસ નં. ૧૯૧૦/૨૦૨૨.**
**આંક :–**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી** : (૧) મોતીભાઈ ગમાભાઈ મકાવાણા(ખાંટ),
(૨) ભલેશભાઈ ઉર્ફે ભલાભાઈ મોતીભાઈ મકવાણા ,
(૩) સોનાભાઈ ઉર્ફે સોનુભાઈ મોતીભાઈમકવાણા(ખાંટ),
(૪) ભાવેશભાઈ ઉર્ફે ભાવાભાઈ મોતીભાઈ મકવાણા (ખાંટ),
તમામ રહે.બોલુન્દ્રા ખાંટવાસ, તા.મોડાસા,
જી.અરવલ્લી.

**ગુનો : ઈ.પી.કો.ક.૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.દેસાઈ
આરોપી તર્ફે વિ.વ.શ્રી ડી.વી.રાજન

---

**-:: <u>ચુકાદો</u> ::-**

**(૧)** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ કલાક ૧૫/૦૦ વાગે મોજે બોલુન્દ્રા ગામે સાહેદ નં.(૮) સાહેદ નં.(૬) ના ઘરે તેમનો સેન્ટીગનો સામાન કયાય ઉતારવાનો છો તેમ પુછવા જતા આ કામના આ.નં.(૧) નાએ સાહેદ નં.(૮) ને તુ કેમ અહી આવેલ છે તેમ કહી મા બેન સામે બિભત્સ ગાળો બોલતા સાહેદે ગાળો બોલવાની ના પાડતા આ કામના ચારેય આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ સાહેદ નં.(૮) ને ગડદાપાટુનો માર મારવા લાગતા ફરીયાદી છોડાવવા સારૂ વચ્ચે પડતા ફરીયાદીને માર મારી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામા એક બીજાને મદદગારી કરી ગુન્હો કરવામા એક બીજાને મદદગારી કરી,તા. મોડાસા નાઓએ બનાવની ફરીયાદ આપેલી.જે ફરીયાદનાં આધારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુ .ર. નં. II - ૦૩૯૮/૨૦૨૨ થી પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરેલો. ત્યારબાદ, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી,આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ આ અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરેલું.

**(૨)** આ કામે આ અદાલત તરફથી આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા, આરોપીઓ આ અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડી, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૦ અન્વયે આરોપીઓ સામે આંક-૦૬ થી ગુન્હાનું તહોમતનામું ફરમાવી,આરોપીઓના જવાબ આંક-૦૭ થી

આંક–૧૦ મુજબ લેતાં, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની માંગણી કરેલી. જેથી, આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

૧. આંક–૧૮ ફરીયાદી : મકાવાણા કાળાભાઈ ઉમેદભાઈ
૨. આંક–૧૯ ફરીયાદ
૩. આંક–૨૩ સાહેદ : મકવાણા અભેસિંહ ઉમેદસિંહ
૪. આંક–૨૪ પંચનામુ
૫. આંક–૨૫ મેડીકલ સારવાર સર્ટી
૬. આંક–૨૬ કલોસીંગ પુરસીસ

આમ, ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનાં વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પુરાવો પોતાની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવી, અન્ય બાબતોનો ઈન્કાર કરી, ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, આ કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.દેસાઈ તથા આરોપીઓ તર્ફે વિ.વકીલ શ્રી ડી.વી.રાજન ની દલીલો સાંભળવામાં આવી.

(૫) આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરેલ પુરાવાઓને તથા બંને પક્ષે કરવામાં આવેલી દલીલો ધ્યાને લેતાં, આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચેનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**- : મુદાઓ :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામનાં આરોપીઓએ તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ કલાક ૧૫/૦૦ વાગે મોજે બોલુન્દ્રા ગામે સાહેદ નં.(૮) સાહેદ નં.(૬) ના ઘરે તેમનો સેન્ટીગનો સામાન કયાય ઉતારવાનો છો તેમ પુછવા જતા આ કામના આ.નં.(૧) નાએ સાહેદ નં.(૮) ને તુ કેમ અહી આવેલ છે તેમ કહી મા બેન સામે બિભત્સ ગાળો બોલતા સાહેદે ગાળો બોલવાની ના પાડતા આ કામના ચારેય આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ સાહેદ નં.(૮) ને ગડદાપાટુનો માર મારવા લાગતા ફરીયાદી છોડાવવા સારૂ વચ્ચે પડતા ફરીયાદીને માર મારી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામા એક બીજાને મદદગારી કરી ગુન્હો કરવામા એક બીજાને મદદગારી કરી,તા. મોડાસા નાઓએ બનાવની ફરીયાદ આપેલી.જે ફરીયાદનાં આધારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુ.ર. નં. II - ૦૩૯૮/૨૦૨૨ થી પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરેલો. ત્યારબાદ, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી,આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

(૧) નકારાત્મક
(૨) આખરી હુકમ મુજબ

**(૭)** ઉપરોકત નિર્ણયોનાં કારણોની નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

**- : <u>કા ર ણો</u> :-**

**<u>મુદા નં.૧ :-</u>**

**(૮)** આ કામે આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે

પુરવાર કરવાનો હોય છે. તથા હાલનાં ગુન્હામાં આરોપીઓ વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે.

(૯) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, સાહેદ મકવાણા અભેસિંહ ઉમેદસિંહ એ તેમના આંક-૨૩ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે અને તેઓને બનાવ આજથી આશરે એક વર્ષ અગાઉ કડીયાકામ કરતા હોવાથી અમરાભાઈ ખુમાભાઈનાઓના ઘરે સેન્ટીગના સામાન બાબતે ગયેલા તો ત્યાં મોતીભાઈ ગમાભાઈ મકવાણા અમરતભાઈ સાથે વાતચીત કરતા હતા અને મને ત્યાં આવેલો જોઈ મોતીભાઈ ગમાભાઈ મારી સાથે બોલાચાલી કરેલી અને તે બોલાચાલી કરેલી તે બાબતે ભાઈએ આવેશમા આવીને મોતીભાઈ ગમાભાઈ તેમજ તેમના દિકરાઓ વિરુધ્ધ જેથી મે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી અને તે ફરીયાદ કામે પોલીસે મારો જવાબ લીધેલો આ કામના આરોપીઓને હુ ઓળખુ છું જે આજરોજ નામ.કોર્ટમા હાજર છે તેજ છે આમ, આ સાહેદે બનાવની મહત્વની હકીકતો જણાવેલ નથી. આથી,આ સાહેદને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરેલ છે. પરંતુ, ફરીયાદીએ ઉલટ તપાસમાં તેની ફરીયાદની હકીકતોનો ઈન્કાર કરેલો છે. જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં ફરીયાદીએ કબુલ રાખેલ છે કે, બનાવમા સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલ નહી મારા ભાઈ કાળુભાઈને પણ કોઈપણ જાતનો માર મારેલ નથી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી ફરીયાદી કરી મારી ખોટી ફરીયાદના સમર્થનમા આજરોજ સોગદ પર ખોટી જુબાની આપુ છુ આમ ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેતાં, ફરીયાદીએ તેની આંક-૧૯ ની ફરીયાદ હકીકતોથી તદ્દન વિરોધાભાસી હકીકતો તેની જુબાનીમાં જણાવેલ છે. આથી સદર સાહેદની જુબાનીથી આંક-૧૯ ની ફરીયાદ હકીકતોને સમર્થન મળતું નથી. ત્યારબાદ, મુળ ફરીયાદીએ આંક-૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો

આપવા માગતા નથી, તેવુ જાહેર કરેલ છે.

(૧૦) આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ, પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, મુળ ફરીયાદી કાળાભાઈ આંક-૧૮ થી તેમના મૌખિક પુરાવામાં તેઓને આરોપી મકવાણા કાળાભાઈ ઉમેદભાઈ એ તેમના આંક-૧૮ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે અને તેઓને બનાવ તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ આ કામના આરોપી મોતીભાઈના ઘર આગળ બનેલો આ બનાવ સમયે હુ આશરે બપોરના ત્રણેક વાગે હુ અને મારી પત્ની અનિતાબેન મારા ઘરે હાજર હતા અને મારાભાઈ અભાભાઈ અમૃતભાઈ ખુમાભાઈને ત્યાં સેન્ટીગ કામ કરતા હોઈ અને મારા ભાઈ અભાભાઈ અમૃતભાઈને ત્યા તેમને બોલાવવા માટે ગયેલ તો આ કામના આરોપી મોતીભાઈ ગમાભાઈ મારા ભાઈ અભાભાઈને કહેવા લાગેલ કે તુ અહીયા કેમ આવ્યો તેમ કહી માર મારવા લાગેલા અને મોતીભાઈ સિવાય તેમના ત્રણ છોકરા સોનુભાઈ મોતીભાઈ, ભાવેશભાઈ મોતીભાઈ, ભલાભાઈ મોતીભાઈ પણ ત્યાં આવીને મારા ભાઈને માર મારવા લાગેલા અને બુમાબુમ મે સાંભળી લી અને હુ ત્યા ગયેલ અને ત્યા જઈને મે આ લોકોને પુછેલ કે મારા ભાઈને કેમ મારો છો તો આ ચારેય જણામાંથી ભલાભાઈ મોતીભાઈ મારુ ગળુ પકડીને માર મારવા લાગેલા અને આ ચારેય જણાઓ કહેતા હતા કે ફરીથી તમને માર્યા વગર નહી મુકીએ તેવુ બોલવા લાગેલા અને પછી એ લોકો ત્યાંથી જતા રહેલા અને મોતીભાઈના ઘરે બોલાવેલા અને કહેલ કે મારા ભાઈ અભાભાઈને તમે મારેલ હોઈ તેની દવા કરાવી આપો તો તેમણે કહેલ કે અભાભાઈ મરી જાય તો કઈ નહી તમારે જયા કેસ કરવો હોય તો કરી દેજો સરદ બનાવ અંગેની જેથી મે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ મને બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા ફરીયાદી તરીકે મારી સહી છે તેને હુ આજરોજ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક:૧૯ આપવામા આવે છે આરોપીઓને હુ જોયેથી

ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમા હાજર નથી આમ, આ સાહેદે બનાવની મહત્વની હકીકતો જણાવેલ નથી. આથી,આ સાહેદને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરેલ છે. પરંતુ, ફરીયાદીએ ઉલટ તપાસમાં તેની ફરીયાદની હકીકતોનો ઈન્કાર કરેલો છે. જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં ફરીયાદીએ કબુલ રાખેલ છે કે, બનાવમા સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલ નહી મારા ભાઈ કાળુભાઈને પણ કોઈપણ જાતનો માર મારેલ નથી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી આરોપીઓએ કોઈ ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી વિરુઘ્ધમા ફરીયાદ આપેલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નહી આરોપીઓએ માર માર્યો હોય ધમકીઓ આપેલ હોય તેવુ બનેલ નહી માર મારેલ હોવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલો છે. જેથી, આરોપીઓ વિરુઘ્ધ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોવાનું ફલીત થતું નથી.

**(૧૧)** આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતાં, ફરીયાદીને આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાઈ આવે છે. આ કામે મુળ ફરીયાદીએ આરોપીઓએ તેમને માર મારી ઈજાઓ પહોંચાડેલ હોવાની કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરેલો છે. આથી, બનાવની હકીકતો પુરવાર થતી નથી. આમ, ફરીયાદ પક્ષના તમામ પુરાવાથી આરોપીઓ સામેના ગુન્હાના તત્વો પુરવાર થતા નથી. આથી, તમામ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં, આરોપીઓ સામેનો કેસ નિ:શકપણે પુરવાર થતો નથી, તેમ ઠરાવવામાં આવે છે. જેથી, મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– :: આખરી હુકમ :: –</u>**

૧. આ કામના આરોપીઓ:– (૧) મોતીભાઈ ગમાભાઈ મકાવાણા(ખાંટ),(૨) ભલેશભાઈ ઉર્ફે ભલાભાઈ મોતીભાઈ મકવાણા ,(૩) સોનાભાઈ ઉર્ફે સોનુભાઈ મોતીભાઈ મકવાણા(ખાંટ), (૪) ભાવેશભાઈ ઉર્ફે ભાવાભાઈ મોતીભાઈ મકવાણા (ખાંટ), નાઓને ક્રિમી. પ્રોસીઝર કોડ ની કલમ –૨૪૮(૧) ના પ્રબંધો અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ –૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. દરેક આરોપીઓ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય અંગે છ માસ સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ: ૩૦મી, માહે: માર્ચ, સને :૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૩/૨૦૨૪
સ્થળ :મોડાસા

**( પૂજા સુરાણા )**
બીજા એડી. જયુડી.મેજી.ફ.ક.,
મોડાસા.
(જજ કોડ નં.જી.જે.૦૭૪૦)

ડી.આર. પટેલ, પી.એ.